**નોંધણી સર નિરીક્ષકની કચેરી ,ગુજરાત રાજ્ય, ગાંધીનગર**
**સ્ટેમ્પ અને નોંધણી ભવન, બીજો માળ,"ખ- ૫"સર્કલ પાસે, સેક્ટર -૧૪, ગાંધીનગર**
**ફોન નં: (૦૭૯) ૨૩૨૮૮૬૧૪, (૦૭૯) ૨૩૨૮૮૩૪૨**

ક્રમાંક : ઇજર/વહટ/૨૦૨/૨૦૧૬/ ૩૫૭૭૨ થી ૩૫૯૭૭ તા.૩૧/૧૦/૨૦૧૭

પ્રતિ,
સબ રજીસ્ટ્રારશ્રી તમામ (ઓનલાઇન)

વિષય – ઔદ્યોગિક હેતુ માટે ખરીદ થતી મિલકતના દસ્તાવેજોમાં ઇ – રજીસ્ટ્રેશન સિસ્ટમ શરૂ કરવા બાબત

સંદર્ભ – (૧) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક/ઇજર/ફોટો/૧૪/૨૦૧૫/૧૨૩૬૬ થી ૧૨૭૪૬ તા. ૦૩/૦૫/૧૬

(૨) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક/ઇજર/વહટ/૩૪૫/૨૦૧૫/૩૪૧૬૨ થી ૩૪૫૨૬ તા. ૨૪/૧૦/૧૭

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનુ કે, અત્રેની કચેરીના સંદર્ભ – (૧) વાળા પરિપત્રથી દસ્તાવેજની નોંધણી માટે સમય મેળવવા Registration Appointment Scheduler for Citizen ની સુવિધા શરૂ કરવામાં આવેલ છે તથા સંદર્ભ – (૨) વાળા પરિપત્રથી ઔદ્યોગિક હેતુ માટે ખરીદ થતી મિલકતના દસ્તાવેજોમાં નોંધણી ફી ફરજિયાત ઇ – પેમેન્ટથી જ સ્વીકારવા સુચના આપેલ છે.

ઉક્ત બાબતે ભારત સરકારના "Ease of Doing Business " પ્રોજેક્ટ અંતર્ગત પક્ષકારોને સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં પુરી પાડવામાં આવતી સેવાઓ ઓનલાઇન ઉપલબ્ધ થાય તે હેતુથી હવેથી અત્રેની કચેરીનો સંદર્ભ – (૨) વાળા પરિપત્ર અન્વયે આંશિક સુધારો કરવામાં આવે છે. ફક્ત ઔદ્યોગિક હેતુ માટે ખરીદ થતી મિલકતના દસ્તાવેજોમાં શક્ય હોય ત્યાં સુધી નીચે મુજબની સુચનાઓનુ પાલન કરવા આથી જણાવવામાં આવે છે.

(૧) દરેક એપ્લીકેશન ONLINE કરવાની રહેશે.

(૨) પક્ષકારોએ તેઓના અસલ દસ્તાવેજ સંબંધિત સબ રજીસ્ટ્રાર કચેરીમાં રજુ કરતાં પહેલાં અત્રેની કચેરીના સંદર્ભ – (૧) વાળા પરિપત્રથી ગરવી વેબ એપ્લીકેશન (http://garvi.gujarat.gov.in) પર શરૂ કરેલ Registration Appointment Scheduler for Citizen ની સુવિધા મારફતે ઓનલાઇન દસ્તાવેજની નોંધણી માટે સમય મેળવી લેવાનો રહેશે.

(૩) પક્ષકારોએ તેઓના અસલ દસ્તાવેજ સ્કેન કરીને ગરવી વેબ એપ્લીકેશન (http://garvi.gujarat.gov.in) પર અપલોડ કરવાનો રહેશે.

(૪) આવા દસ્તાવેજોમાં શક્ય હોય ત્યાં સુધી નોંધણી ફી ઇ – પેમેન્ટથી વસુલ કરવાની રહેશે.

(૫) વધુમાં નોંધણી ફી ઇ – પેમેન્ટથી ચુકવવા બાબતે અને દસ્તાવેજ અપલોડીંગ કરતી વખતે કોઇ ટેકનીકલ ખામી સર્જાય તો સંબંધિત સબ-રજીસ્ટ્રાર કચેરીમાં જઇ સદર કામગીરી ઓનલાઇન કરાવી શકાશે.

ઉક્ત સુચનાઓ ફક્ત ઔદ્યોગિક હેતુ માટે ખરીદ થતી મિલકતના દસ્તાવેજોમાં જ લાગુ પડશે

નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ સવિનય રવાના :-

૧. પ્રતિ,
અગ્ર સચિવશ્રી (મહેસુલ) , બ્લોક નં – ૧૧ , નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારુ

૨. પ્રતિ,
નાયબ સચિવશ્રી (સ્ટેમ્પ), મહેસુલ વિભાગ, હ-૧ શાખા, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારુ

૩. પ્રતિ,
મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ઇન્ડેક્ષ – બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર તરફ જાણ સારૂ.

૪. પ્રતિ,
ડાયરેક્ટરશ્રી, એન.આઇ.સી. ગાંધીનગર તરફ જાણ સારૂ તથા પ્રોગ્રામ તૈયાર કરવા સારૂ.

નકલ રવાના :-

૧. નોંધણી નિરીક્ષકશ્રી તમામ (ઓનલાઇન) તરફ જાણ તથા અમલ સારૂ .

૨. નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર, તમામ (મારફત નોંધણી નિરીક્ષકશ્રી )

૩. મદદનીશ નોંધણી સર નિરીક્ષકશ્રી તમામ

૪. હિસાબી અધિકારીશ્રી ઇ.જ.ર કચેરી

૫. કચેરીની તમામ શાખાઓ તરફ